| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Satellite Samachar** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **23/12/2021** |
| **PAGE :** | **02** |

# ઈડીઆઈઆઈએ ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રની ગતિશીલતા પર સૌથી મોટો અભ્યાસ રજૂ કર્યો

અમદાવાદ, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૧: ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર (જીઈએમ) સર્વે દુનિયામાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં થતી ગતિશીલતાનો સૌથી મોટો વાર્ષિક અભ્યાસ છે. આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (**EDII**), અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રિપોર્ટના મુખ્ય લેખક તરીકે **EDII**ના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે **GEM** ઈન્ડિયા સર્વે હાથ ધર્યો હતો.

ધ **GEM** ઈન્ડિયા ૨૦૨૦-૨૧ રિપોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસિકોના અભિગમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રિપોર્ટના તારણો નીતિનિર્માતાઓને વર્તમાન અને સંભવિત નીતિઓની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે. આ રિપોર્ટમાં ૩,૩૧૭ પુખ્તો અને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોના સેમ્પલ સર્વેનો ઉપયોગ થયો છે. આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (**EDII**) દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસિકતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવિડ-૧૯ મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં ૮૨ ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે.